ગુરુવાર, ૧૭-૫-૨૦૧૮

મુંબઈ સમાચાર

MUMBAI SAMACHAR

# ડીપીઃ મીઠાના અગરની જમીન ઘરો માટે વાપરવાના વિરોધમાં શિવસેના

*મુંબઇઃ* પરવડી શકે તેવા (સસ્તા) રહેઠાણો માટે મુંબઇના મીઠાના અગરની જમીન છૂટી કરવાના રાજ્ય સરકારના ડીપી-૨૦૩૪ના પ્રસ્તાવનો રાજ્યની કેબિનેટ મીટિંગમાં શિવસેનાના પ્રધાનોએ વિરોધ કર્યો હતો, એમ પાર્ટીના સૂત્રોએ જણાવ્યું હતું.

હાલમાં જ જાહેર કરવામાં આવેલા મુંબઇના ડેવલપમેન્ટ પ્લાન (ડીપી) ૨૦૩૪માં મીઠાના અગરની જમીન વિશે નિર્ણય લેવામાં આવ્યો છે. પર્યાવરણ પ્રધાન રામદાસ કદમ (શિવસેના)એ કેબિનેટ મીટિંગમાં મીઠાના અગરની જમીન પરવડી શકે તેવા રહેઠાણો માટે છૂટી કરવાનો મુદ્દો ઉઠાવ્યો હતો. સેનાના અન્ય પ્રધાનોએ પણ આ મુદ્દે તેમની ચિંતા દર્શાવી હતી.

સેનાના પ્રધાનોએ તેમનો વિરોધ દર્શાવતા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને જણાવ્યું હતું કે કોઇ પણ સંજોગોમાં તેમનો પક્ષ મીઠાના અગર પર પરવડી શકે તેવા રહેઠાણો બાંધવાની મંજૂરી નહીં આપે. ગરીબોને ઘરને નામે બિલ્ડરોને ફાયદો કરાવવામાં આવી રહ્યો છે.

'મીઠાના અગરની જમીન છૂટી કરવાથી મુંબઇના પર્યાવરણનું સંતુલન ખોરવાઇ જશે. મુંબઇની વધુ વસતી, ટ્રાફિક અને ક્લાઇમેટ ચેન્જની સમસ્યાઓ છે જ. મીઠાના અગર પર અને નો ડેવલપમેન્ટ ઝોનમાં રહેઠાણ બાંધવાથી

(જુઓ પાનું ૮) ▸▸

# નાળાસફાઈને મુદ્દે શિવસેના-ભાજપ સામસામે

## ▸ મુંબઈ પાણીમાં ડૂબ્યું તો જવાબદારી રાજ્ય સરકારનીઃ મેયર





અમિતાભ બચ્ચનના બંગલાની નજીક આવેલા ઈર્લાના નાળાની ચાલી રહેલી જોરદાર સફાઈ (નિકોલસ ચાર્ડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈઃ* ચોમાસા પહેલા જ આ વર્ષે નાળાસફાઈને લઈને શિવસેના-ભાજપે એકબીજા પર આરોપ-પ્રત્યારોપ કરવાનું ચાલુ કરી દીધું છે. આ વર્ષે મુંબઈ પાણીમાં ડૂબ્યું તો તે માટે મુંબઈ મહાનગરપાલિકા નહીં પણ મેટ્રો રેલવેનું કામ જવાબદાર હશે એવો આરોપ મેયર વિશ્વનાથ મહાડેશ્વરે કરીને પ્રત્યક્ષ રીતે રાજ્ય સરકાર પર નિશાન સાધ્યું છે. તો આ આરોપનો સામે જવાબ આપતા ભાજપે કહ્યું હતું કે સરકાર અને મુખ્યપ્રધાનની વિરોધમાં બોલીને લોકોને પ્રસિદ્ધિ મળતી હોય છે અને લોકો પોતાની

(જુઓ પાનું ૮) ▸▸

### ૫૦ ટકા નાળાસફાઈ

ચોમાસું નજીકમાં છે અને તે પહેલા મુંબઈના નાળાની સફાઈ કરવાનું આવશ્યક કામ છે. પાલિકા તરફથી દર વર્ષે નાળાસફાઈ બાબતે મોટા મોટા દાવા કરવામાં આવતા હોય છે છતાં મુંબઈગરાને ૨૬ જુલાઈ અને ગયા વર્ષે ૨૯ ઑગસ્ટના મુંબઈમાં ભરાયેલા પાણી જેવી પરિસ્થિતિનો સામનો કરવો પડે છે. ત્યારે મુંબઈમાં ૫૦ ટકા નાળાસફાઈ થઈ હોવાનો દાવો પ્રશાસને કર્યો હતો. આગામી દિવસમાં ૭૦ ટકા જેટલી નાળાની સફાઈ થશે એવો દાવો પણ મેયર દ્વારા બુધવારે પશ્ચિમ ઉપનગરના નાળાની મુલાકાત દરમિયાન કરવામાં આવ્યો હતો. આ દરમિયાન આગામી દસ દિવસમાં ફરી એક વખત નાળાસફાઈના કામની મુલાકાત લેવામાં આવશે ત્યાં સુધીમાં જો કામ પૂરું થયું નહીં તો સંબંધિત કૉન્ટ્રેક્ટર સામે પગલાં લેવામાં આવશે એવી ચીમકી પણ મેયરે આપી હતી. ■

# રાજ્યોની રાજધાનીઓમાં સૌથી ચોખ્ખુંચણાક મુંબઈ

## ▸ કેન્દ્ર સરકારના સ્વચ્છતા સર્વેક્ષણમાં જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈઃ* કેન્દ્ર સરકાર દ્વારા સંપૂર્ણ દેશભરમાં કરવામાં આવેલા 'સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૧૮' અંતર્ગત રાજ્યોની રાજધાનીના વર્ગમાં મુંબઈ પાલિકાએ પહેલું સ્થાન મેળવ્યું હોવાની જાહેરાત કરવામાં આવી હતી. સ્વચ્છતા સર્વેક્ષણમાં દેશના તમામ રાજ્યના શહેરોએ ભાગ લીધો હતો, જેમાં તમામ પાલિકાઓ દ્વારા પોતાના શહેરના નાગરિકોને સ્વચ્છતા ઍપ પર મત આપવાની વિનંતી કરવામાં આવી હતી. સ્વચ્છતા સર્વેક્ષણમાં અલગ અલગ વર્ગ રાખવામાં આવ્યા હતા, જેમાં રાજ્યોની રાજધાનીના વર્ગમાં બૃહનમુંબઈ મહાનગરપાલિકાનો દેશભરમાં પહેલો નંબર આવ્યો હતો. સ્વચ્છ મુંબઈ માટે નાગરિકોએ સર્વેક્ષણમાં લીધેલા ભાગ બદલ સુધરાઈ કમિશનર અજોય મહેતાએ મુંબઈગરાનો આભાર પણ માન્યો હતો. એ સાથે જ પાલિકા સફાઈ કર્મચારી,

(જુઓ પાનું ૮) ▸▸




# કાંદિવલીમાં ૧૪મા માળેથી ઝંપલાવતાં કિશોરનું મોત

*મુંબઈઃ* કાંદિવલી પૂર્વમાં આવેલી ગગનચુંબી ઈમારતના ૧૪મા માળેના રેફયુજી એરિયામાંથી નીચે કૂદકો મારી ૧૫ વર્ષના કિશોરે કથિત આત્મહત્યા કરી હતી.

સમતાનગર પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર અનિલ માનેના જણાવ્યા અનુસાર ઘટના મંગળવારે વહેલી સવારે છ વાગ્યાની આસપાસ બની હતી. આ પ્રકરણે એડીઆર નોંધી તપાસ હાથ ધરવામાં આવી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર સામેની વિંગના ૧૦મા માળે રસોડામાં રાંધી

(જુઓ પાનું ૮) ▸▸

# ગુજરાતથી લશ્કરે તૈયબાનો શંકાસ્પદ સભ્ય પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈઃ* કોલકાતાની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ સાથે જોઇન્ટ ઓપરેશન હાથ ધરીને ૩૨ વર્ષના શંકાસ્પદ આતંકવાદીને જોગેશ્વરી વિસ્તારથી પકડી પાડનારી મહારાષ્ટ્ર એન્ટિ ટેરરિઝમ સ્કવૉડે (એટીએસ) હવે ગાંધીધામથી યુવકની ધરપકડ કરી હતી. પકડાયેલો યુવક દુબઇમાં રહેનારા હેન્ડલરના સંપર્કમાં હતો અને તે શંકાસ્પદ આતંકવાદીને વિસ્ફોટકો-શસ્ત્રો પૂરા પાડવામાં મદદ કરવાનો હતો. આ યુવક લશ્કરે તૈયબાનો આતંકી હોવાની શંકા એટીએસને છે. એટીએસે બુધવારે ધરપકડ કરેલા યુવકની ઓળખ અલ્લારખા અબુબકર મન્સૂરી (૩૨) તરીકે થઇ હોઇ અદાલતે તેને ૨૫ મે સુધી પોલીસ કસ્ટડી ફટકારી હતી. અલ્લારખા અને જોગેશ્વરીનો ફૈઝલ હસન મિર્ઝા (૩૨) સગા હોઇ તેઓ દુબઇના હેન્ડલર ફારુક દેવડીવાલાના સતત સંપર્કમાં હતા, એવું પૂછપરછમાં જાણવા મળ્યું હતું.

જોગેશ્વરીમાં રહેતા ફૈઝલ મિર્ઝાને ગયા શુક્રવારે તેના નિવાસેથી ઝડપી પાડવામાં આવ્યો હતો. મિર્ઝાની પૂછપરછમાં આતંકવાદીઓના ટાર્ગેટ પર ફરી મુંબઈ, ગુજરાત અને ઉત્તર પ્રદેશ હોવાનું જાણવા મળ્યું હતું. ભીડવાળાં સ્થળોએ પોતાના મનસૂબાને પાર પાડવા મિર્ઝાને તૈયાર કરાયો હતો. મિર્ઝાને શારજાહમાં તેના દૂરના કઝિન દેવડીવાલાએ બોલાવ્યો હતો. ફારુક અગાઉ ગુજરાતમાં રહેતો હતો અને અંડરવર્લ્ડ ડોન દાઉદ ઇબ્રાહિમ માટે કામ કરતો હતો. દાઉદનો વિશ્વાસુ ફારુક છોટા શકીલને

(જુઓ પાનું ૮) ▸▸




સૌરભ શાહ

saurabh.shah@bombaysamachar.com

# એક સિનિયર સિટીઝનને મારી નાખવાનો દંડ માત્ર ₹ ૧,૦૦૦: સુપ્રીમ કોર્ટ

ભૂતપૂર્વ ક્રિકેટર અને વર્તમાન જોકર નવજોત સિદ્ધુને સુપ્રીમ કોર્ટના જસ્ટિસ જે. ચેલમેશ્વર અને સંજય કિશન કૌલની બનેલી બૅન્ચે મનુષ્યવધના આરોપ બદલ રૂ. ૧,૦૦૦ (રૂપિયા એક હજાર માત્ર)નો દંડ કરીને છોડી મૂક્યા પછી નવજોત સિદ્ધુએ કોનો આભાર માન્યો? રાહુલ ગાંધીનો. કહ્યું કે રાહુલભૈયા, મારી જિંદગી તમારા માટે છે.

રાહુલ ગાંધીએ કપિલ સિબ્બલ કે બીજા કોઈ દ્વારા પેલા પ્રેસ કૉન્ફરન્સ ભરનારા ચારમાંના એક જજ જે. ચેલમેશ્વર સાથે નવજોત સિદ્ધુનું સેટિંગ કરાવ્યું હશે એવું આપણે નથી કહેતા. નિવૃત્તિ આડે જેમના ચંદ દિવસો બાકી રહ્યા છે તે જસ્ટિસ ચેલમેશ્વરે જતાં જતાં પોતાના હોદ્દાનો દુરુપયોગ કર્યો છે એવું પણ આપણે નથી માનતા. બિલકુલ નહીં. જજસાહેબોએ નિષ્પક્ષ રહીને જ ન્યાય તોળ્યો હશે. પંજાબ-હરિયાણાની હાઈ કોર્ટે નવજોત સિદ્ધુને કસૂરવાર ઠેરવ્યા પછી કોઈ શંકા બાકી નહોતી રહેતી કે નવજોત સિદ્ધુએ ગુસ્સાના આવેશમાં પાર્કિંગના પ્રોબ્લેમને કારણે એક અજાણ્યા માણસ પર હુમલો કરીને એનું મોત નિપજાવ્યું હતું. આમ છતાં સુપ્રીમ કોર્ટે નવજોતને માત્ર એક હજાર રૂપિયાનો દંડ કરીને છુટ્ટો મેલી દીધો એમ કહીને કે મરનારનું મોત નવજોતે મારેલા મુક્કાથી જ થયું છે કે નહીં એવું સ્પષ્ટપણે સાબિત થતું નથી.

કૉન્ગ્રેસી નવજોત સિદ્ધુને બદલે ભાજપી નવજોત સિદ્ધુને આ રીતે છોડી દેવામાં આવ્યો હોત તો પેઈડ મીડિયાએ કેવી કાગારોળ મચાવી હોત? સુપ્રીમમાં છૂટી ગયેલા ભાજપી સિદ્ધુએ ટ્વીટ કરીને કહ્યું હોત કે પી. એમ. નરેન્દ્ર મોદી, હવે આ જિંદગી તમારા માટે છે - તો આ મીડિયાએ ચોક્કસ હોબાળો કર્યો હોત કે મોદીના કહેવાથી સુપ્રીમ કોર્ટના જજ પર દબાણ લાવવામાં આવ્યું એટલે સિદ્ધુ છૂટી ગયો અને એટલે સિદ્ધુ મોદી ઉપર પોતાની બાકીની જિંદગી ન્યોછાવર કરી રહ્યો છે.

સિદ્ધુ પરનો કેસ ત્રીસ વર્ષ જૂનો છે. ૧૯૮૮માં સિદ્ધુએ ગુરનામ સિંહ પર હુમલો કર્યો હતો. હુમલા પછી ગુરનામ મરી ગયો હતો. પંજાબ પોલીસે નવજોત સિંહની ધરપકડ કરી હતી. નવજોતને અન્ડર ટ્રાયલ કેદી

(જુઓ પાનું ૮) ▸▸

# સરકારી વિભાગમાં જમ્બો ભરતી

## ૩૬,૦૦૦ ખાલી પડેલી જગ્યાની ભરતી કરવા રાજ્ય સરકારની મંજૂરી

*મુંબઈઃ* ખાસ કરીને ગ્રામીણ વિકાસ તથા ખેતીવાડી સહિતના રાજ્ય સરકારના વિવિધ વિભાગમાં ખાલી પડેલી ૩૬,૦૦૦ જગ્યાની ભરતી કરવા માટે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે લીલીઝંડી આપી હોવાનું જણાવાયું હતું.

આગામી બે વર્ષના સમયગાળા દરમિયાન સરકારી વિભાગમાં ખાલી પડેલી લગભગ ૭૨૦૦૦ જગ્યાની ભરતી કરવામાં આવશે એમ વિધાનસભામાં બજેટ સત્ર દરમિયાન મુખ્ય પ્રધાને જાહેરાત કરી હતી. આ જાહેરાતના ભાગરૂપે રાજ્ય સરકાર પ્રથમ તબક્કામાં લગભગ ૩૬૦૦૦ ખાલી પડેલી જગ્યાની ભરતી કરશે, એમ મુખ્ય પ્રધાનની ઑફિસની અખબારી યાદીમાં જણાવાયું હતું.

આ ભરતી કરવાનો મુખ્ય ઉદ્દેશ તો ગ્રામીણ વિસ્તારની વ્યવસ્થાનો વિકાસ તથા મજબૂત કરવાનો છે, એમ યાદીમાં જણાવ્યું હતું.

ખેતીવાડી ક્ષેત્રનો વિકાસ સાધવા માટે ખાસ કરીને ગ્રામીણ વિકાસ સહિત ખેતીવાડી ક્ષેત્રમાં પ્રાથમિકતા આપવાની છે, જેમાં ગ્રામીણ વિસ્તારના જરૂરી

(જુઓ પાનું ૮) ▸▸

# વડા પ્રધાન-મુખ્ય પ્રધાન માટે ધમકીભરી ભાષાનો ઉપયોગઃ યુવાનની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈઃ* વડા પ્રધાન અને રાજ્યના મુખ્ય પ્રધાન માટે સોશિયલ મીડિયા પર કથિત ધમકીભરી અશ્લીલ ભાષાનો ઉપયોગ કરવા બદલ પોલીસે યુવાનની ધરપકડ કરી હતી.

જુહુ પોલીસે મંગળવારે ધરપકડ કરેલા આરોપીની ઓળખ અનિકેત પાટીલ (૩૨) તરીકે થઈ હતી. ટ્રાવેલ એજન્સીમાં કામ કરતા પાટીલને ગોરેગામ સ્થિત તેના નિવાસસ્થાનેથી પકડી પાડવામાં આવ્યો હતો. આરોપીની ધરપકડના અહેવાલને જુહુ પોલીસ સ્ટેશનના સિનિયર ઈન્સ્પેક્ટર સુનીલ ઘોસાળકરે સમર્થન આપ્યું હતું, પરંતુ આ મામલે વધુ વિગત આપવાનો તેમણે ઇનકાર કર્યો હતો.

સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર ૧ મેથી ફેસબૂક અને ટ્વિટર પર કેટલીક વાંધાજનક પોસ્ટ મૂકવામાં આવી રહી હતી. આ પોસ્ટમાં વડા પ્રધાન, મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન અને તેમની પત્નીને સંબોધીને ધમકીભરી અશ્લીલ ભાષાનો ઉપયોગ કરાયો હતો. કહેવાય છે કે આ બાબતની જાણ થતાં જુહુ વિસ્તારમાં રહેતા કાર્યકરો દ્વારા સાઈબર પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ હતી, જે જુહુ પોલીસમાં ટ્રાન્સફર કરાઈ હતી. જુહુ પોલીસે સોમવારે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ■

# વસઈમાં શૂઝ બનાવતી ફેક્ટરીમાં લાગેલી આગમાં એકનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈઃ* બુધવારે વહેલી પરોઢે વસઈમાં સાતીવલીમાં શૂઝ બનાવતી કંપનીની ફેક્ટરીમાં લાગેલી ભીષણ આગમાં એકનું મોત થયું હતું. લગભગ ચાર કલાકની જહેમત બાદ આ આગ કાબૂમાં આવી હતી.

વસઈ (પૂર્વ)માં સાતીવલી ખાતે ચૌધરી ઈન્ટરનેશનલ કંપની આવેલી છે. બુધવારે વહેલી સવારે લગભગ ૪.૩૦વાગ્યાની આસપાસ આ કંપનીમાં અચાનક આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડની ચાર ગાડીઓ અને બે જમ્બો વોટર ટૅન્કર પહોંચી ગયાં હતાં અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. સદ્નસીબે વહેલી સવારે ફેક્ટરીમાં કોઈ કર્મચારી નહીં હોવાને કારણે મોટી જાનહાનિ ટળી ગઈ હતી. ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ આ કંપની શૂઝ અને સ્લીપર તેમ જ અલાઈડ પ્રોડક્ટ બનાવે છે.

લગભ બે દાયકાથી વસઈમાં આ કંપની શૂઝ બનાવી રહી છે. બુધવારે વહેલી સવારે આગ લાગી ત્યારે ફાયરબ્રિગેડ આગ બુઝાવવાની કામગીરી કરી રહી હતી ત્યારે તેમને અંદર ૪૦ વર્ષના જાવેદ નામના કંપનીના કર્મચારી બેહોશ હાલતમાં મળી આવ્યો હતો. તેને બહાર કાઢી હૉસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો પણ સારવાર પહેલા જ તેને ડૉક્ટરે મૃત જાહેર કર્યો હતો. ફેક્ટરીમાં આગ લાગી તે સમયે ત્યારે ત્યાં વોચમેન સહિત જાવેદ ફરજ પર હતા. મૃતક જાવેદ ફેક્ટરીની અંદર હોવાને કારણે આગ લાગી હશે ત્યારે બહાર નીકળી શક્યો નહીં હોય અને ધુમાડાને કારણે બેહોશ થઈ ગયો હોવાનો અંદાજ છે. તો વોચમેન બહાર ગેટ પર હોવાને કારણે બચી ગયો હતો. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે. ■

# કચ્છ એક્સપ્રેસનો સમય બદલવાની માગણી

## પાસધારકોની સમસ્યાનો ઉકેલ લાવવા સંગઠનની રેલવેને ભલામણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈઃ* મુંબઈ-ભુજ વચ્ચે દોડતી કચ્છ ઍક્સપ્રેસ ટ્રેનનો સમય બદલાવવાની માગણી કચ્છ પ્રવાસી સંઘ દ્વારા રેલવે અધિકારીઓ અને રેલવે કન્વેશન કમિટીના સભ્યો સમક્ષ કરવામાં આવી હતી.

મુંબઈ-ભુજ વચ્ચે દોડતી કચ્છ ઍક્સપ્રેસ ટ્રેન હાલમાં બપોરે ૧૧.૩૦ વાગ્યાની આસપાસ મુંબઈ આવે છે, તેથી નોકરી-ધંધા કરનારા વર્ગનો એક આખો દિવસ બગડે છે અને આ ઉપરાંત આ ટ્રેનમાં પાસહૉલ્ડરોનો પણ ત્રાસ છે.

જો આ ટ્રેન વહેલી સવારે છ-સાડાછ વાગ્યે મુંબઈ આવી જાય તો પાસહૉલ્ડરનો ત્રાસ પણ ઓછો થઈ જશે અને નોકરિયાતો તેમ જ વેપારીઓનો દિવસ નહીં બગડે એવો વિશ્વાસ કચ્છ પ્રવાસી સંઘના કન્વીનર નિલેશ શાહે 'મુંબઈ

(જુઓ પાનું ૮) ▸▸

# ભાયંદરના બિલ્ડરને ખંડણી માટે રવિ પૂજારીએ આપી ધમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

*ભાયંદરઃ* ભાયંદર પશ્ચિમના નામચીન બિલ્ડરને ખંડણી માટે ગેન્ગસ્ટર રવિ પૂજારી તરફથી ધમકી મળતાં પોલીસમાં ફરિયાદ નોંધાવાઇ હતી. પોલીસે આ પ્રકરણે રવિ પૂજારી વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ આદરી હતી.

ભાયંદર પશ્ચિમના બિલ્ડરને ૨૦૦૭માં રવિ પૂજારીએ આંતરરાષ્ટ્રીય નંબર પરથી ફોન કરીને ખંડણી માટે ધમકી આપી હતી, જેને પગલે મુંબઈ પોલીસ દ્વારા બિલ્ડરને સંરક્ષણ આપવામાં આવ્યું હતું. આ બિલ્ડરે ત્યાર બાદ અનેકવાર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

૨૦૧૨માં બિલ્ડરને ખંડણી માટે વારંવાર ધમકીભર્યા ફોન આવતાં ૩ માર્ચ, ૨૦૧૨ના રોજ ભાયંદર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ

(જુઓ પાનું ૮) ▸▸

# કોસ્ટલ રોડના શ્રીગણેશઃ બાન્દ્રા-વરલી સી લિંકને જોડતા પટ્ટાનો ભાગ બનાવવા કોન્ટ્રાક્ટરની પસંદગી

*મુંબઇઃ* સાત વર્ષ પહેલા પ્રસ્તાવિત કોસ્ટલ રોડ પ્રોજેક્ટ હવે સપનામાંથી વાસ્તવિક્તા બનવા જઇ રહ્યો છે. પાલિકા પ્રશાસને મંગળવારે આ ૧૦ કિલોમીટરના મરીન ડ્રાઇવને બાન્દ્રા-વરલી સી લિંક (બીડબલ્યુએસએલ) સાથે જોડતા રોડના પટ્ટાનો કેટલોક ભાગ બનાવવા કોન્ટ્રાક્ટરની પસંદગી કરી લીધી છે. હવે આ પ્રસ્તાવને સ્ટેન્ડિંગ કમિટીની મંજૂરી માટે મૂકવામાં આવશે.

૨૦૧૧માં પ્રસ્તાવિત આ કોસ્ટલ રોડની લંબાઇ ૨૯.૨ કિલોમીટર હશે. તે મરીન લાઇન્સના પ્રિન્સેસ સ્ટ્રીટ ફ્લાયઓવરથી શરૂ થઇને કાંદિવલી ખાતે પૂરો થશે. પાલિકાએ કોસ્ટલ રોડને વિવિધ વિભાગમાં વહેંચી નાખ્યો છે. ૧૦ કિલોમીટરના દક્ષિણ મુંબઇના પ્રથમ ફેઝનો પ્રસ્તાવિત ખર્ચ ૬,૮૯૪ કરોડ રૂપિયા અંદાજવામાં આવ્યો છે. આ ફેઝને

(જુઓ પાનું ૮) ▸▸




''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યુ છે. તંત્રીઃ *નીલેશ દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર)ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957** "MUMBAI SAMACHAR" newspaper (Periodicity-Daily) Printed and Published at their press "Mumbai Samachar" by Mr. Meherwanji Rustomji Cama at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 on behalf of the owners The Bombay Samachar Pvt. Ltd. Editor *Mr. Nilesh Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957**